# નિતીન ગડકરી પુનઃ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બનશે

નવીદિલ્હી,તા.૨૮

ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં આજે પક્ષ પ્રમુખ તરીકે નિતીન ગડકરીની સતત બીજી અવધિને લીલીઝંડી આપી દેવામાં આવી હતી. પક્ષના બંધારણમાં કરવામાં આવેલા સુધારાઓને રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં મંજૂરી મળતા બીજી અવધિ માટે નીતીન ગડકરી આડેની તમામ અડચણો દૂર થઈ ગઈ છે. પક્ષની છેલ્લી રાષ્ટ્રીય કારોબારીમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં તેના પ્રમુખ માટે બીજી અવધી માટે ભાજપના બંધારણમાં સુધારાને મંજૂરી અપાઈ હતી.

આરએસએસની ઈચ્છાને માન આપીને ભાજપે તેનાં બંધારણમાં સુધારો કર્યો હતો, આની સાથે જ પક્ષ પ્રમુખ, રાજ્ય અને જિલ્લા એકમનાં પ્રમુખોને સેકન્ડ ટર્મની તક મળી શકશે. ટોચનાં હોદ્દા માટે નિતીન ગડકરી પહેલાંથી જ પ્રબળ દાવેદાર હતાં અને આજે સુધારાને મંજુરી મળી જતાં તેઓ બીજી અવધિમાં પક્ષ પ્રમુખ તરીકે રહેશે. પક્ષનાં બંધારણની કલમ-૨૧માં સુધારો કરવાનો ઠરાવ ભાજપનાં વરિષ્ઠ નેતા રાજનાથસિંહે રજુ કર્યો હતો. ત્યારબાદ એમ.વૈંકયા નાયડુએ આને ટેકો આપ્યો હતો. રાષ્ટ્રીય પરિષદે ઠરાવને સર્વસંમતિથી મંજુર કર્યો હતો. આ ઠરાવમાં જણાવાયું છે કે, કોઈપણ લાયક સક્રિય સભ્ય બે અવધિ માટે ત્રણ વર્ષ માટે પ્રમુખનો હોદ્દો મેળવી શકે છે. આરએસએસ દ્વારા પણ આ પ્રકારની રજુઆત કરવામાં આવી હતી. સૂત્રોનું કહેવું છે કે, બીજાં ત્રણ વર્ષ સુધી ગડકરી ભાજપ પ્રમુખ રહે તેવી ઈચ્છા સંઘ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. ભાજપનાં કાર્યકરો, જિલ્લા પ્રમુખોને સ્પષ્ટ સંદેશ આપી દેવામાં આવ્યો છે કે ડિસેમ્બરમાં ગુજરાતમાં ચૂંટણી યોજાય તે પહેલાં ગડકરી વધુ એક અવધિ માટે ચૂંટણી ઈચ્છે છે. ઘણાં લોકો એમપણ માને છે કે ગુજરાતમાં ચુંટણી પૂર્ણ થયા બાદ નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કરી શકે છે. ગડકરીની બીજી અવધિ જાન્યુઆરી ૨૦૧૩માં શરૂ થશે અને ડિસેમ્બર ૨૦૧૫માં પૂર્ણ થશે. ગડકરીનાં નેતૃત્વમાં ભાજપે બિહાર, ગોવા, પંજાબમાં સારો દેખાવ કર્યો છે.

## નિતીન ગડકરીનો જન્મ મધ્યમ વર્ગમાં થયો હતો

નવી દિલ્હી,તા.૨૮

નીતીન ગડકરીનો જન્મ નાગપુર જિલ્લામાં એક મધ્યમ વર્ગીય બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. નાની વયના હતા ત્યારે તેઓએ ભારતીય જનતા યુવા મોરચામાંથી કામ કર્યું હતું. ત્યારબાદ નીતીન ગડકરી સ્ટુડન્ટ યુનિયન એબીવીપી માટે પણ કામ કરતા હતા. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખને સ્તર સુધી પહોંચતા પહેલા નીતીન ગડકરીએ અનેક મહત્વપૂર્ણ જવાબદારી અદા કરી છે. ભાજપના પ્રમુખ તરીકે તેઓએ ૨૫મી ડિસેમ્બર ૨૦૦૯ના દિવસે જવાબદારી સંભાળી લીધી હતી. તેમના પહેલા રાજનાથસિંહ ભાજપ પ્રમુખ તરીકે હતા. નીતીન ગડકરીએ કંચન ગડકરી સાથે લગ્ન કર્યા હતા. તેમના ત્રણ બાળકો છે. હાલમાં તેઓ નાગપુરમાં રહે છે. નીતીન ગડકરી ૧૯૯૫થી ૧૯૯૯ દરમિયાન મહારાષ્ટ્ર સરકારમાં પીડબલ્યુડી પ્રધાન તરીકે હતા. પ્રધાન તરીકેના તેમના ગાળા દરમિયાન તેઓએ ધરખમ ફેરફાર કર્યા હતા. મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ તરીકે પણ ગડકરી સેવા આપી ચૂક્યા છે. ખાનગીકરણને તેઓએ ટેકો આપ્યો છે. ગડકરી પક્ષ પ્રમુખ તરીકે બીજી વખતની અવધિ સંભાળી લીધા બાદ તેમને હવે વધુ પડકારોમાંથી પસાર થવું પડશે.

આજે ભાજપ રાષ્ટ્રીય પરિષદમાં આ ઠરાવને વિધિવત રીતે સ્વીકારી લેવામાં આવી હતી. ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં ૧૨૦૦થી વધુ સભ્યો રહેલા છે. પક્ષના વરિષ્ઠ નેતા રાજનાથસિંહ બીજી અવધિ માટે ગડકરીના નામની દરખાસ્ત મૂકી હતી. ગડકરીની વર્તમાન પ્રમુખ તરીકેની અવધિ ડિસેમ્બર મહિનામાં પૂરી થઈ રહી છે. તેમની બીજી અવધિ ડિસેમ્બર ૨૦૧૫ સુધી જારી રહેશે. સૂત્રોએ કહ્યું છે કે પક્ષના વિચારક સંઘ દ્વારા છેલ્લા ઘણા દિવસથી ગડકરી માટે લોબી



ચલાવવામાં આવી હતી.

પક્ષ હવે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી નીતીન ગડકરીના નેતૃત્વ હેઠળ લડશે. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી પહેલા ભાજપને મજબૂત કરવા નિતીન ગડકરીની હવે મુખ્ય જવાબદારી રહેશે. ભાજપ પણ હાલમાં વડાપ્રધાનને લઈને ખેંચતાણની સ્થિતિ થયેલી છે. ૨૦૧૪ની ચૂંટણી આડે વધુ સમય રહ્યો નથી ત્યારે વડાપ્રધાન પદના ઉમેદવારને લઈને એનડીએના સાથી પક્ષોને મનાવવા અને ભાજપના એક નેતાને વડાપ્રધાન પદ માટે પ્રોજેક્ટ કરવાની બાબત નિતીન ગડકરી માટે પણ પડકારરૂપ રહેશે. હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પણ આ જ વર્ષમાં યોજાનાર છે એવા સમયમાં ભાજપને વધુ મજબૂત કરવા તથા સાથી પક્ષોને એક સાથે લઈને આગળ વધવાની બાબત ગડકરી માટે અગ્નિ પરીક્ષા સમાન રહેશે.

# પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ બે રૂપિયાનો ટૂંકમાં ઘટાડો

નવીદિલ્હી,તા.૨૮

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આગામી બે-ત્રણ દિવસમાં વધુ એક મોટી રાહત મળી શકે છે. મળે રહેલા સંકેત મુજબ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) આગામી બે-ત્રણ દિવસમાં પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ બે રૂપિયા સુધીનો ઘટાડો કરી શકે છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થયા બાદ તથા રૂપિયો ડૉલર સામે મજબૂત થયા પછી પેટ્રોલિયમ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા બે સુધીનો ઘટાડો કરી શકે છે. ન્યૂયોર્કના મુખ્ય કોન્ટ્રાક્ટ લાઈટ સ્વીટ ક્રૂડની કિંમત શુક્રવારે કારોબાર દરમિયાન બેરર દીઠ ૯૨.૨૮ ડૉલર થઈ હતી. જ્યારે નવેમ્બરમાં ડિલીવરી માટે બ્રેન્ટ નોર્થ સી ક્રૂડની કિંમત ૧૧૨.૧૫ ડૉલર રહી હતી. ઓઈલ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે જો આ સ્થિતિમાં વધુ ફેરફાર થશે નહીં તો પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવામાં આવશે. આજે કારોબાર દરમિયાન રૂપિયામાં મોટો સુધારો થયો હતો.ગુરુવારના દિવસે પણ રૂપિયામાં મોટો સુધાર થયો હતો. ફોરેક્સ ડિલરો માને છે કે નિકાસકારો અને બેંકો દ્વારા ડૉલરની મોટાપાયે વેચાણ કરવામાં આવી રહ્યું છે આવી સ્થિતિમાં નવી આશા જાગી છે. પેટ્રોલની કિંમતમાં ઘટાડો લોકોને રાહત આપી શકે છે. કારણ કે સરકારે તાજેતરમાં એક પછી એક અનેક કઠોર નિર્ણય લઈને લોકોને નારાજ કર્યા છે જેમાં ડીઝલની કિંમતમાં કમરતોડ ભાવવધારા ઉપરાંત



સબસીડીવાળા એલપીજી સિલિન્ડરની સંખ્યા મર્યાદિત કરવા તથા રિટેલમાં એફડીઆઈની મંજૂરીની બાબતનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક દિવસ પહેલાં જ ડીઝલની કિંમતમાં જંગી વધારો કરવામાં આવ્યો હતો. જો કે પેટ્રોલ, એલપીજી અને પીડીએસ કેરોસીનની કિંમતો યથાવત્ રાખવામાં આવી હતી. જો કે સરકારે દરેક પરિવારને એક વર્ષમાં સબસીડીવાળા છ સિલિન્ડર આપવાનો નિર્ણય લીધો હતો. આ કઠોર નિર્ણયથી દેશના લોકોમાં નારાજગી દેખાઈ રહી હતી. અંડર રિકવરીના કારણે ઓઈલ માર્કેટીંગ કંપનીઓને હજુ પણ દરરોજ ૫૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. ડીઝલના વેચાણ પર ૧૭ રૂપિયાનું નુકસાન છે જ્યારે કેરોસીનના વેચાણ પર ૩૨.૭ રૂપિયાનું નુકસાન છે. આવી જ રીતે એલપીજી પર સિલિન્ડર દીઠ ૩૪૭ રૂપિયાનું નુકસાન છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચેરમેન આર એસ બુટોલા પહેલાંથી જ કહી ચૂક્યા છે કે કંપની જ્યારે પણ શક્ય બનશે ત્યારે પેટ્રોલની કિંમતમાં કાપ મૂકવામાં આવશે. ઓઈલ કંપનીઓને દર મહિને ૬૦૦૦ કરોડનો ફટકો પડી રહ્યો છે. એક્સાઈઝ ડ્યૂટીમાં ઘટાડો કરીને પેટ્રોલ અને ડીઝલની કિંમત વચ્ચેના અંતરને ઘટાડી શકાય છે. પીડીએસ કેરોસીન હાલ દિલ્હીમાં લિટર દીઠ ૧૪.૮૩ના ભાવે વેચાય છે. કેરોસીનના વેચાણ પર વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ઓએમસીની અંડર રિકવરી ૩૨૦૦૦ કરોડની હતી. વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ડીઝલના વેચાણ પર અંડરરિક્વરી આ ભાવ વધારો ઝીંકવામાં આવ્યા બાદ પણ ૧૦૩૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે.

અત્રે નોંધનીય છે કે ગયા વર્ષે જુલાઈ મહિનામાં ડીઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ આ મહિનામાં જ તેની કિંમતમાં ફરીવાર વધારો કરવામાં આવ્યો હતો. જો કે એ વખતે અન્ય પેટ્રોલિયમ પેદાશો સાથે કોઈ ચેડા થયા ન હતા. હવે પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવાની હિલચાલ ચાલી રહી છે.

## રાજ ઠાકરેની સામે નવેસરથી બિન જામીનપાત્ર વોરંટ જારી

નવી દિલ્હી,તા. ૨૮

મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના વડા રાજ ઠાકરેની સામે આજે નવેસરથી બિન જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૮માં ઉત્તર ભારતીયોની સામે અને ખાસ કરીને બિહારી લોકોની સામે ઘૃણાસ્પદ ભાષણ કરવા બદલ રાજ ઠાકરેની તકલીફ હજુ યથાવત રહી છે. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ મનિશ યદુવશંસીએ રાજ ઠાકરે સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કરવાનો આદેશ કર્યો હતો. ૧૭મી નવેમ્બર સુધી રીટર્નેબલ રહેશે. ૩૧મી ઓગષ્ટના દિવસે જારી કરવામાં આવેલા સમન્સના જવાબમાં રાજ ઠાકરે કોર્ટ સમક્ષ હાજર થઈ શક્યા ન હતા.

રાજ ઠાકરેએ અંગત હાજરીમાંથી મુક્તિની માંગ કરવામાં આવી હતી. કોર્ટે ઠેરવ્યું હતું કે જમશેદપુર અને મુઝફરપુરમાં કોર્ટે રાજ ઠાકરેની સામે સમન્સ જારી કર્યા હતા. આ સમન્સ ક્રમશ ૧૬મી ડિસેમ્બર ૨૦૦૮ના દિવસે અને ૧૧મી નવેમ્બર ૨૦૦૯ના દિવસે જારી કરવામાં આવ્યા હતા. જમશેદપુર અને મુઝફરપુર કોર્ટ દ્વારા બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા બાદ સુપ્રિમ કોર્ટે રાજ ઠાકરેની અપીલ બાદ ગયા વર્ષે કેસને દિલ્હી કોર્ટમાં ખસેડી લેવાનો આદેશ આપ્યો હતો.

રાજ ઠાકરેએ તેમની અપીલમાં કહ્યું હતુ કે બિહાર અને ઝારખંડમાં તેમની જાન સામે ખતરો રહેલો છે. આજે કોર્ટે કહ્યું હતુ કે બિનજામીનપાત્ર વોરંટને પરત ખેંચી લેવાની માંગ કરવાના બદલે આરોપીએ મુક્તિની માંગ કરવી જોઈએ. મુક્તિની માંગ યોગ્ય નથી જેથી નવેસરથી બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવી રહ્યું છે. બે ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ બિન જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું છે.

સહારા ગ્રુપની સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટ ખાતરી

# ત્રણ મહિનામાં રોકાણકારોને ૨૪,૦૦૦ કરોડ રીફન્ડ થશે

નવી દિલ્હી,તા. ૨૮

સહારા ગ્રુપે આજે સુપ્રીમ કોર્ટમાં ખાતરી આપી હતી કે તેમના રોકાણકારો પાસેથી ઓપ્શનલી ફુલ્લી કન્વર્ટેબલ ડિબેન્ચર (ઓએફસીડી) મારફતે ઉભા કરવામાં આવેલા ૨૪૦૦૦ કરોડ રૂપિયા ત્રણ મહિનામાં ગાળામાં રીફન્ડ કરી દેવામાં આવશે. જસ્ટીસ કેએસ રાધાકૃષ્ણનના નેતૃત્વમાં બેંચ સમક્ષ કંપની તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ ગોપાલ સુબ્રમણિયમ દ્વારા આ મુજબની ખાતરી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે આ રકમ અમે રીફન્ડ કરીશુ અને આ મામલે પીછેહટ કરવાનો કોઈ પ્રશ્ન નથી. સેબી સાથે કેટલાક મામલે થયેલી ગેરસમજ અને અન્ય



મામલાઓને ઉકેલવા માટે થોડાક સમય આપવા કંપનીના વકીલે સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલ કરી હતી. સેબીએ આક્ષેપ કર્યો હતો કે કંપની રોકાણકારો સાથે સંબંધિત તમામ દસ્તાવેજો આપવા માટે ઉત્સુક દેખાઈ રહી નથી. સુપ્રીમ કોર્ટે અગાઉના આદેશમાં તમામ દસ્તાવેજો આપવા માટે સુચના આપી હતી. સેબી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વેળા કેટલાક મહત્વના તારણો આપવામાં આવ્યા હતા. સેબીએ અરજીમાં આક્ષેપ કર્યો હતો કે માર્કેટ રેગ્યુલેટર ને તેની કસ્ટડીમાં રહેલા તમામ દસ્તાવેજો સહારા ગ્રુપે આપ્યા નથી. ૧૦મી સપ્ટેમ્બર સુધી દસ્તાવેજો આપવા મોડેથી આદેશ કરવામાં આવ્યો હતો. દલીલો પર સુનાવણી ચલાવ્યા બાદ બેંચે મામલાની સુનાવણી ૧૯મી ઓક્ટોબર સુધી મોકુફ કરી દીધી હતી.

૩૧મી ઓગષ્ટના દિવસે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જો કંપની સહારા ઈન્ડિયા રીઅલ એસ્ટેટ કોર્પોરેશન અને સહારા હાઉસિંગ કોર્પોરેશન રકમ રીફન્ડ કરવામાં નિષ્ફળ રહેશે તો સેબી કંપનીઓના બેંક એકાઉન્ટસ ફ્રીઝ કરી શકશે અને તેમની સંપત્તિ જપ્ત કરી શકશે. ૧૫ ટકાનો વ્યાજ સાથે ત્રણ મહિનાના ગાળામાં તેમના રોકાણકારોને નાણાં પાછા આપી દેવાનો આદેશ કર્યો હતો.

## તાજ માનસિંહ હોટલ વધુ એક વર્ષ ટાટા પાસે રહેશે

નવી દિલ્હી,તા.૨૮

તાજ માનસિંહ હોટલ વધુ એક વર્ષ માટે ટાટાની ઈન્ડિયન હોટલ કંપનીની પાસે રહેશે. વર્ષમાં તેની હરાજી કરવામાં આવશે જેમાં પ્રથમ અધિકાર આઈએચસીનો રહેશે. નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સીલ (એનડીએમસી)ની મિટીંગમાં બહુમતીથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભાજપના ધારાસભ્ય અને કાઉન્સીલના સભ્ય કરણસિંહ તવરે આનો જોરદાર વિરોધ કર્યો હતો અને મુખ્યમંત્રી પર સંડોવણી હોવાનો આક્ષેપ મૂકીને સમગ્ર મામલામાં સીબીઆઈ તપાસની માંગ કરી હતી. મિટીંગમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે ટાટાની ઈન્ડિયન હોટલ કંપનીને વધુ એક વર્ષનો સમય આપવામાં આવશે. ત્યારબાદ આની હરાજી કરવામાં આવશે. જ્યારે આની હરાજી થશે ત્યારે લીઝને ખતમ ગણવામાં આવશે. હરાજીમાં પણ આઈએચસીને ઈન્કાર કરવાનો પ્રથમ અધિકાર આપવામાં આવશે.

ટાટા માનસિંહનો હવાલો ૩૩ વર્ષ માટે આઈએચસી પાસે હતો જે ગયા વર્ષે ખતમ થઈ ગયો હતો. ત્યારબાદ આને એક વર્ષ સુધી વધારી દેવામાં આવ્યો હતો. આ અવધી ૧૦મી ઓક્ટોબરના દિવસે પૂર્ણ થનાર હતી. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા ગયા વર્ષે એનડીએમસીને કહેવામાં આવ્યું હતુ કે આના માટે ઓપન બીડની પ્રક્રિયા હાથ ધરવામાં આવે. ધારાસભ્ય કરણસિંહ તવરે કહ્યું હતું કે તેઓએ મિટીંગમાં પણ આનો વિરોધ કર્યો હતો પરંતુ મુખ્યમંત્રી એક્સટેન્શન આપવા પર મક્કમ રહ્યા હતા. તવરે કહ્યું હતું કે એક્સટેન્શન વધારેમાં વધારે બે મહિના સુધી આપી વહેલી તકે બિડીંગ પ્રક્રિયા શરૂ કરવી જોઈએ. ફરીથી એકટેન્શન આપવાથી સ્પષ્ટ થાય છે કે મુખ્યમંત્રી અને કોંગ્રેસના અન્ય નેતા મળેલા છે.

## પાંચ કરોડ રૂપિયા ભરેલ એટીએમ વેનની લૂંટ થઈ

નવીદિલ્હી,તા.૨૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હમાં ડિફેન્સ કોલોનીમાં હથિયારધારી તત્વોએ દિનદહાડે પાંચ કરોડ રૂપિયાની એટીએમ વેન લૂંટી લેતાં સનસનાટી મચી ગઈ છે. એટીએમ વેન લૂંટ બાદ તપાસ હાથ ધરવામાં આવી છે.

હથિયારધારીઓએ લૂંટ વેળા ગોળીબાર કર્યો હતો. ગાર્ડને ગોળી મારવામાં આવી હતી. મળેલી માહિતી મુજબ ગાર્ડની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ગાર્ડને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ગાર્ડનાં સાથીઓની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. મળેલી માહિતી આજે બપોરે ભરચક વિસ્તાર ડિફેન્સ કોલોની માર્કેટમાં આ બનાવ બન્યો હતો. હથિયારધારીઓ એટીએમ વેન લઈને ફરાર થઈ ગયા હતાં. હુમલાખોરો ગાડીમાં બેસી આવ્યા હતાં. લૂંટ બાદ તેઓ પોતાની ગાડી ત્યાં મૂકીને ફરાર થઈ ગયા હતાં.

## રેશનીંગ ખાંડની કિંમતમાં ટૂંકમાં વધારો થઈ શકે છે

નવીદિલ્હી,તા.૨૮

રેશનીંગની દુકાનો મારફતે વેચવામાં આવતી ખાંડની છૂટક કિંમતમાં પણ હવે ટૂંક સમયમાં જ વધારો ઝીંકવામાં આવે તેવી શક્યતા છે. તીજોરી ઉપર વધતાં જતા સબસીડી બોજને ઘટાડવાના હેતુસર રેશનીંગની દુકાનો મારફતે વેચાતી ખાંડની કિંમતમાં વધારો કરાશે. હાલમાં જ યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ અંગે નિર્ણય થઈ શક્યો ન હતો પરંતુ હવે આમા વધારો કરવામાં આવશે. બીજી બાજુ તહેવારની સિઝન પહેલાં વધુ ખાંડનો જથ્થો બજારમાં ઉતારવાની પણ યોજના તૈયાર કરી લેવામાં આવી છે. અધિકારીઓની દલીલ છે કે રેશનીંગની દુકાનો મારફતે વેચવામાં આવતી ખાંડ પર સરકારનું વાર્ષિક સબસીડી બિલ સતત વધી રહ્યું છે. જો આ રેટને પ્રતિ કિલો હાલના ૧૩.૫૦થી વધારીને ૨૩ રૂપિયા કરવામાં આવશે નહીં તો સબસીડી બિલ સતત વધશે. માર્ચ ૨૦૦૨ બાદથી રેશનીંગની દુકાનો મારફતે વેચાતી ખાંડની કિંમતમાં કોઈ વધારો કરાયો નથી. રેશનીંગની દુકાનો મારફતે વેચાતી ખાંડના વેચાણ પર સરકાર વાર્ષિક સબસીડી રૂપે ૧૩૩૦ કરોડ રૂપિયાનો બોજ ઉપાડે છે. સરકાર પ્રતિ કિલો ૧૯.૦૫ રૂપિયાના ભાવે મિલો પાસેથી ખાંડની ખરીદી કરે છે. આ કિંમત પણ માર્કેટ રેટ કરતા ઓછી છે. ત્યારબાદ રેશનીંગની દુકાનો મારફતે કિલોદીઠ ૧૩.૫૦ના ભાવે ખાંડનું વેચાણ કરે છે. આનો મતલબ એ થયો કે રેશનીંગની દુકાનો મારફતે વેચાતી ખાંડ પર પ્રતિ કિલો રૂપિયા ૫.૫૫નું નુકસાન થઈ રહ્યું છે. ખાંડ મિલોને રેશનીંગની દુકાનો મારફતે વેચાણ માટે સરકારને તેમના વાર્ષિક ઉત્પાદન પૈકી ૧૦ ટકા ઉત્પાદન વેચવાની બાબત ફરજિયાત બનાવી દેવામાં આવી છે.

## ભારતનો આર્થિક વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડી ૬ ટકા કરાયો

નવીદિલ્હી,તા.૨૮

રેટિંગ એજન્સી ફ્રિંચે વર્તમાન નાણાંકીય વર્ષ માટે ભારતનાં આર્થિક વૃદ્ધિ દર માટેનાં અંદાજને ઘટાડીને ૬ ટકા કરી દીધો છે. અગાઉ ૬.૫ ટકાનો અંદાજ મૂક્યો હતો. ફ્રિંચે પોતાની વૈશ્વિક આર્થિક રિપોર્ટમાં જણાવ્યું છે કે, ભારતનાં આર્થિક ચિત્રને ધ્યાનમાં લઈને આ આંકડા જારી કરવામાં આવ્યા છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩ માટે જીડીપી વૃદ્ધિદરનો અંદાજ ૬ ટકા કરી દીધો છે જે અગાઉ ૬.૫ ટકા હતો. ભારતનો આર્થિક વૃદ્ધિ દર વર્તમાન નાણાંકીય વર્ષ એપ્રિલ-જુનનાં ત્રિમાસિક ગાળામાં ઘટીને ત્રણ વર્ષની નીચી સપાટીએ આવી ગયો હતો અને આ સ્તર ૫.૩ ટકા રહ્યું હતું. બીજીબાજુ વીતેલા નાણાંકીય વર્ષમાં વૃદ્ધિદર ઘટીને ૬.૫ ટકા થયો હતો. ફ્રિંચે કહ્યું છે કે, ઉચ્ચ નાણાંકીય ખાધને લઈ આંકડામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

## સમાચાર ઝલક

- રિલાયન્સ પોસ્ટ પેઇડમાં ૪૦ ટકા જેટલો કોલ દર ઘટાડો કરશે.
- પ્રાકૃતિક સંશાધનોની નિલામી એક માત્ર રસ્તો નથી : સુપ્રીમકોર્ટ.
- એન.એસ.યુ.આઇ.ના તોડબાજ મહામંત્રી પ્રદિપ ડોડીયાની ધરપકડ.
- ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની તબિયત નાજુક છે, તેઓ ૮૭ વર્ષનાં છે.
- દિવાળી વેકેશન હવે ૧૨મી નવેમ્બરની માધ્યમિક શાળાઓ રહેશે.
- રાજકોટમાં ૪૮ લાખનો ગુટખા જપ્ત કરાયો.
- વોલમાર્ટનો પ્રથમ ભારતીય સ્ટોર આંધ્રપ્રદેશમાં ખોલાશે.
- અમદાવાદના તમામ પ્રવેશ માર્ગો પરનાં પેટ્રોલપંપ પર સી.સી. ટી.વી કેમેરા રહેશે.
- સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદમાં ગુજરાતના સૌ પ્રથમ 'પિટયૂટરી' ક્લિનિકનો પ્રારંભ.
- આસામ સહિત ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં પુરની સ્થિતિ વધુ ગંભીર બની.
- કેન્દ્ર સરકારની વર્ષગાંઠની ઉજવણીમાં રૂા. ૭૭૨૧/- ની થાળી પીરસાઇ હતી.
- ઇકબાલગઢ-પાલનપુર-અમીરગઢ વિસ્તારમાં એરંડાના વેપારીઓના ત્યાં ઇન્કમટેક્ષના દરોડા.
- યુવાવર્ગમાં બહેરાશનું કારણ મોબાઇલ ફોન, યુવાનોમાં બહેરાશના કિસ્સામાં ચિંતાજનક વધારો.
- ક્રિકેટ ટીમ ઇન્ડિયા માટે ચીફ સીલેક્ટર તરીકે સંદિપ પાટીલની નિમણૂંક

## 'ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન' (પાના નં. ૪ નું ચાલુ)

અઢળક વનસ્પતિ, કુદરતી ફૂલો, જીવજંતુઓ, રંગબેરંગી પતંગિયાઓના કારણે વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર્સ તો આવે જ છે. પરંતુ અનેક ફિલ્મ, ટીવી સીરીયલ્સ અને જાહેરાતોના શુટીંગ પણ અહીં થયા છે. અહીં માત્ર પ્રોફેશ્નલ ફોટોગ્રાફી કે શુટીંગનો જ ચાર્જ લેવામાં આવે છે. પ્રાણી સંગ્રહાલયમાં મોટી સંખ્યામાં કાળિયાર, ચિતલ, સાબર, ચિંકારા, મગરો, કાચબા ઉપરાંત દિપડા, વાઘ, શાહુડી અને શિયાળ પણ છે. કુદરતી ઢોળાવો, સ્વચ્છ વોક-વે, ઠેર ઠેર રેસ્ટ હટ્સ, પ્રવાસીઓને થાક વર્તાવા દેતી નથી. વ્હેલ, ડુગોંગ અને ડોલ્ફિન માછલીના હાડપિંજર ઉપરાંત હજારો વર્ષ પૂર્વેના વૃક્ષોના જીવાશ્મિઓ અહીં સચવાયેલા છે. કલરવ સંકુલમાં માહિતીસભર પુસ્તકો, સીડી, મેગેઝીન, નકશાઓનું વેચાણ કરવામાં આવે છે તો વાઇલ્ડ લાઇફ ગેલેરીમાં વન્યસૃષ્ટિ અંગેના ઓડિયો - વિડીયો વિઝ્યુઅલ્સ ડિસ્પ્લે કરાયા છે.

ઉધાનમાં પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર અંતર્ગત વિધાર્થીઓ માટે પ્રકૃતિ - શિબિરોનું પણ આયોજન થાય છે. જેમાં પ્રાણી - પક્ષી દર્શન, વનસ્પતિ દર્શન તેમજ નાટ્ય શો, ફિલ્મ શો, પપેટ શો અને શ્રમકાર્ય દ્વારા પર્યાવરણ જાગૃતિ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવે છે. બાળકોને આ શિબિરમાં જન્મદિને ચકલીના માળા, માટીનાં કુંડા, છોડ વગેરે ગીફ્ટમાં આપવા પ્રેરિત કરાય છે. વર્ષે લગભગ ૩ લાખ મુલાકાતીઓ ધરાવતા આ પાર્કમાં સરકારના વાઇબ્રન્ટ કાર્યક્રમો પછી વિદેશી પ્રવાસીઓ પણ આવતા થયા છે. તેવું પાર્કના નેચર એજ્યુકેટર કુસુમબહેનનું કહેવું છે. હજુ આ પાર્કમાં "અર્થ સેકશન" વિકસાવવાનું કામ ચાલે છે, અને બહારના પ્રાણીઓ માટે વેટરનીટી હોસ્ટિપલ બનાવવાનું પ્લાનિંગમાં છે તેવું પાર્ક વોર્ડને તેમના સાથે થયેલી વાતચીતમાં જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે આ ઉધાનમાં 'ફ્રેન્ડ ઓફ ઝુ' યોજના હેઠળ પ્રાણી-પક્ષીઓને દત્તક લઇ શકાય છે. જો કે આ ઉધાનને કોઇ બસસ્ટોપ ના મળેલ હોવાથી ઘણા પ્રવાસીઓ મુલાકાતનો અમુલ્ય લાભ લેવાનું ચૂકી જાય છે, જો પોઇન્ટની બસો અથવા સીટી બસનું સ્ટોપ આપવામાં આવે તો હજુ વધુ ને વધુ લોકો આ નૈસર્ગિક નજરાણાનો લ્હાવો લઇ શકે તેમજ પ્રકૃતિ પ્રત્યે તેમની સંવેદનામાં વધારો થઇ શકે.

## હથોડી અને ટાંકણું (પાના નં. ૪ નું ચાલુ)

કદાચ તમને પૂછવામાં આવે કે જો તમને ભગવાન મળે તો તમે શું માગશો? જવાબો અસંખ્ય હશે પરંતુ તે કદાચ સાચા નહીં હોય, કદાચ તમે કહેશો કે મને મોક્ષ જોઇએ છે, ફરી અવતાર નથી જોઇતો, ભક્તિ જોઇએ છે, હવે તમે સાચા મનથી વિચારશો તો જવાબમાં પૈસો, તંદુરસ્તી, શક્તિ, વગેરે ભૌતિક સુખોની જ મનમાં રટ હશે.

'વધુ'ની કામનાએ ભલભલાનાં આસન છીનવી લીધા છે. એક કહેવત યાદ આવે છે કે "રાજાઓ ગયા તગારે, અને અંગ્રેજો ગયા નગારે" મતલબ સાફ છે. વધુને વધુ ખ્યાતિની લાલચમાં સૌનો વિનાશ જ થયો છે. ઈતિહાસ ઘણી શિખામણ આપે છે. આપણે કદાચ થોડી ગણી બિનજરૂરી ઇચ્છાઓને કાબૂમાં રાખીશું અને જે છે તે જ સાચું ગણીશું તો સુખમાં અવશ્ય વૃધ્ધિ થશે જ.

અસંતોષ એ અનેક મનોરોગોની જનની છે. લોભ, લાલચ, અન્યાય, અનીતિ, ભ્રષ્ટાચાર વગેરે અનેક બદીઓના મૂળમાં આ અસંતોષ રહેલો છે.

આજથી જ જાગ્યા ત્યાંથી સવાર સમજીને આ અસંતોષરૂપી રાક્ષસને વશમાં કરવાનો પ્રયત્ન કરીએ, અને સુખ-શાંતિનાં પ્રત્યક્ષ દર્શન કરીએ તો જીવન ધન્ય બનશે. પ્રશ્નો હશે જ નહીં.

**પમરાટ :**

**રૂખી સુખી જો મીલે પેટ ભરને કે લીયે, ઔર,**
**કાફી દો ગજ જમી હૈં જીને મરને કે લીયે.**